**આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકના સરકારી છાત્રાલયો, આદર્શ નિવાસી શાળાઓ માટે ખાનગી મકાન ભાડે રાખવા અંગેની સુચનાઓ અધતન કરવા બાબત.**

ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ,

પરિપત્ર ક્રમાંક: TDD/CHTL/e-file/25/2022/2898/G

સચિવાલય, ગાંધીનગર.

તા. ઇ-સાઇન મુજબ

**<u>વંચાણમાં લીધા:-</u>**

(૧) આદિજાતિ વિકાસ વિભાગના તા.૨૪/૧૧/૨૦૨૩ના સરખા ક્રમાંકનો પરિપત્ર.

**<u>પરિપત્ર</u> :-**

ઉપરના વંચાણે લીધેલ પરિપત્રથી, વિભાગ હેઠળની આદર્શ નિવાસી શાળા તેમજ સરકારી છાત્રાલયો માટે ખાનગી મકાન ભાડે રાખવા તેમજ ખાનગી મકાનને રીન્યુઅલ કરવા માટે માર્ગદર્શક નીવડે તે હેતુથી સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવી છે. અનુભવે એવું જણાયેલ છે કે, જિલ્લા કક્ષાની સંબંધિત ક્ષેત્રીય કચેરીઓ દ્વારા પૂરતી ચકાસણી વગર તેમજ અધૂરી વિગતો/ આધાર પૂરાવા વગર દરખાસ્ત કમિશનરશ્રી, આદિજાતિ વિકાસને મોકલવામાં આવે છે અને તે વિભાગમાં મોકલવામાં આવે છે. જેના કારણે પરત પૂછાણમાં બિનજરૂરી સમયનો વ્યય થાય છે અને પરિણામે ખાનગી માલિકીના મકાનભાડા મંજૂર કરવાની દરખાસ્તોમાં વિલંબ થાય છે.

આથી, આ વિભાગ હેઠળની આદર્શ નિવાસી શાળાઓ તેમજ સરકારી છાત્રાલયો માટે ખાનગી મકાન ભાડે રાખવા અત્રેના વંચાણે લીધે ક્રમ(૦૧) ઉપરના પરિપત્રની સૂચનાઓનું યોગ્ય પાલન થાય તેમજ બિન જરૂરી વિલંબ ન થાય તે હેતુ ને ધ્યાને લઈ ઉક્ત પરિપત્રથી પાઠવેલ સૂચનાઓ સંબંધમાં સવિશેષ કાળજી લેવા અને ચેકલિસ્ટ મુજબની દરખાસ્તો વિભાગને મળે તે માટે નીચે મુજબની કામગીરી કરવા જણાવવામાં આવે છે.

(૧) ખાનગી માલિકીના મકાનના નકશા, વાજબી ભાડા અંગેના પ્રમાણપત્ર તેમજ વાજબી ભાડું નક્કી કર્યુ હોય તે દર્શાવતાં ગણતરી પત્રક તેમજ સરકારી મકાનની અછતપણા અંગેના પ્રમાણપત્ર ઉપર સંબંધિત જિલ્લાના કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગના તારીખ અને સહી સાથે જ દરખાસ્ત મોકલવામાં આવે તે જોવું.

(૨) ખાનગી મકાનમાં છાત્રાલયને અનુરૂપ સુધારા-વધારા કરી આપવા તથા મકાન રિપેરીંગ કરી આપવા બાબતના ખાનગી માલિકીના મકાનના સંમતિપત્રમાં વોર્ડનના રહેઠાણની જરૂરી વ્યવસ્થા ન હોય, તો તે કરી આપવાની બાંહેધરીમાં ઉલ્લેખ સાથે જ દરખાસ્ત મોકલવામાં આવે તે જોવું.

(૩) સંયુક્ત ખાનગી માલિકીના મકાનમાં એક કરતાં વધારે ખાનગી માલિક હોય ત્યારે તેઓના ખાનગી માલિકીના મકાનમાં માલિકી હક સંબંધે કોઇ વિવાદ નથી તે બાબતે માલિકોનું સ્ટેમ્પપેપર પરનું સંમતિપત્રક અચૂક મોકલી આપવાનું રહેશે અને મદદનીશ કમિશનરશ્રી દ્વારા આ અંગે પૂરતી ચકાસણી પોતાની કક્ષાએ કરી લેવામાં આવી છે તેવું પ્રમાણપત્ર પણ મોકલી આપવાનું રહેશે.

(૪) ખાનગી મકાન તેમજ તેમાં ઉપલબ્ધ સુવિધાના GPS LOCATION સાથેના અધતન ફોટોગ્રાફ્સ ઉપર ક્ષેત્રીય કચેરીના મદદનીશ કમિશનરશ્રી (આ.વિ.)ના સહી-સિક્કા અચૂક હોવા જોઇશે.

(૫) ખાનગી માલિકીના મકાન માટે સક્ષમ સત્તાધિકારીશ્રીનું ફાયર એન.ઓ.સી મેળવી તેની નકલ અચૂક બીડવાની રહેશે.

(૬) ક્ષેત્રીય કચેરીના મદદનીશ કમિશનરશ્રી(આ.વિ.) દ્વારા ઉપરના વંચાણે લીધેલ પરિપત્રના બીડાણમાં સામેલ ચેકલિસ્ટના તમામ મુદ્દાઓને આવરી લઇ, કમિશનરશ્રી(આ.વિ.)ને જ્યારે દરખાસ્ત કરવામાં આવે ત્યારે મદદનીશ કમિશનરશ્રીએ " ચેકલિસ્ટની તમામ ભરેલી વિગતોને મેં જાતે ચકાસણી કરેલ છે અને તમામ આધાર પુરાવા સામેલ રાખેલ છે." તેવુ પ્રમાણપત્ર અચુક આપવાનું રહેશે.

વિભાગના વંચાણે લીધેલ તા.૨૪/૧૧/૨૦૨૩ના પરિપત્રની અન્ય તમામ શરતો અને જોગવાઇઓ યથાવત રહેશે.

આ પરિપત્ર વિભાગના સરખા ક્રમાંકની ફાઇલ ઉપર અગ્ર સચિવશ્રીની તા.૧૨/૦૭/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

જનક ભાલોડિયા

Signature Not Verified
Signed by: J M Bhalodiya
Section Officer
Date: 2024.07.20
13:07:51 +05:30

સેક્શન અધિકારી

આદિજાતિ વિકાસ વિભાગ

**પ્રતિ,**

- માન.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી(આ.વિ.), કમિશનર (આ.વિ)ની કચેરી, બિરસામુંડા ભવન, ગાંધીનગર.
- મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ.
- મુખ્ય સ્થપતિ અધિકારીશ્રી (માર્ગ અને મકાન), માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી (આ.વિ.વિ), સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી. (કમિશનરશ્રી (આ.વિ)મારફત)
- સર્વે મદદનીશ કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, તમામ જિલ્લાઓ (કમિશનરશ્રી (આ.વિ)મારફત)
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (ગ્રાન્ટની ફાળવણી બાબતે આ ઠરાવમાં સૂચવ્યા મુજબની જરૂરી કાર્યવાહી માટે)
- સિસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય,આ.વિ.વિ ની વેબસાઈટ પર મુકવા વિનંતી સહ
- શાખા સિલેકટ ફાઈલ-૨૦૨૪

Signature Not Verified
Signed by: J M Bhalodiya
Section Officer
Date: 2024.07.20
13:07:51 +05:30